# કોહલી ઈંગ્લેન્ડ સામેની પ્રથમ બે ટેસ્ટમાંથી ખસ્યો

**ચાહકો** અને મીડિયાને સ્ટાર ક્રિકેટરના બ્રેક લેવાના કારણો અંગે અટકળો બંધ કરવાની બીસીસીઆઇની અપીલ

**દેશનું** પ્રતિનિધિત્વ કરવું હંમેશા ટોચની પ્રાથમિકતા પણ કેટલીક વ્યક્તિગત પરિસ્થિતિઓમાં તેની હાજરી જરૂરી : કોહલી



નવી દિલ્હી, તા. 22 (પીટીઆઇ) : ભારતનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અંગત કારણોસર ઈંગ્લેન્ડ સામેની પ્રથમ બે ટેસ્ટ મેચમાંથી ખસી ગયો છે. ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઇ)એ સોમવારે આ જાણકારી આપવાની સાથે ચાહકો અને મીડિયાને સ્ટાર ક્રિકેટરના બ્રેક લેવાના કારણો અંગે અટકળો બંધ કરવાની પણ અપીલ કરી હતી. પાંચ ટેસ્ટ મેચોની સીરિઝ 25 જાન્યુઆરીથી હૈદરાબાદમાં શરૂ થશે. બોર્ડે જણાવ્યું હતું કે તે સ્ટાર બેટ્સમેનના રિપ્લેસમેન્ટ અંગે ટૂંક સમયમાં નામ જાહેર કરશે.

બીસીસીઆઇના સેક્રેટરી જય શાહે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વિરાટ કોહલીએ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ને અંગત કારણોસર ઈંગ્લેન્ડ સામેની આગામી ટેસ્ટ સીરિઝની પ્રથમ બે ટેસ્ટમાંથી પોતાનું ખસી જવાની વિનંતી કરી છે. બીસીસીઆઈએ એમ પણ કહ્યું કે કોહલીએ કેપ્ટન રોહિત શર્મા અને ટીમ મેનેજમેન્ટ સાથે પણ પોતાના નિર્ણય અંગે વાત કરી છે.

બીસીસીઆઇની રિલીઝ અનુસાર વિરાટે કેપ્ટન રોહિત શર્મા, ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારો સાથે વાત કરી છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે દેશનું પ્રતિનિધિત્વ કરવું હંમેશા તેની ટોચની પ્રાથમિકતા છે પરંતુ કેટલીક વ્યક્તિગત પરિસ્થિતિઓમાં તેની હાજરી જરૂરી છે. બીસીસીઆઈ ટૂંક સમયમાં તેની બદલીના નામની જાહેરાત કરશે.

જય શાહે એમ પણ કહ્યું હતું કે બીસીસીઆઇ તેના સ્ટાર પ્લેયરનું સંપૂર્ણ સમર્થન કરે છે અને ટીમમાં વિશ્વાસ ધરાવે છે અને તેના શ્રેષ્ઠ બેટ્સમેન વિના પણ પરિણામ મેળવવાની ક્ષમતા ધરાવે છે. તેમણે કહ્યું હતું કે બીસીસીઆઈ તેના નિર્ણયનું સન્માન કરે છે અને બોર્ડ અને ટીમ મેનેજમેન્ટે સ્ટાર બેટરને સમર્થન આપ્યું છે અને ટીમના બાકીના સભ્યોની ટેસ્ટ શ્રેણીમાં પ્રશંસનીય પ્રદર્શન કરવાની ક્ષમતામાં વિશ્વાસ છે. તેમણે દરેકને કોહલીની ગોપનીયતાનું સન્માન કરવા વિનંતી પણ કરી હતી. એવું જાણવા મળ્યું છે કે શાહ અને પસંદગીકારોના અધ્યક્ષ અજિત અગરકર બંનેને ઈંગ્લેન્ડ સીરિઝ દરમિયાન કોહલીને અમુક સમયે બ્રેકની જરૂર પડે તેવી સંભાવના વિશે માહિતગાર રાખવામાં આવ્યા હતા.

### કોહલીના રિપ્લેસમેન્ટ તરીકે રજત પાટીદાર અને સરફરાઝ ખાનના નામ સૌથી આગળ, પુજારા પણ ચર્ચામાં

વિરાટ કોહલીએ ઈંગ્લેન્ડ સામેની પ્રથમ બે ટેસ્ટમાંથી બ્રેક લીધા પછી એવું માનવામાં આવે છે કે ઈન્ડિયા-એના બે હેવીવેઇટ પરફોર્મર મધ્યપ્રદેશના રજત પાટીદાર અને મુંબઈના સરફરાઝ ખાનનું નામ તેના રિપ્લેસમેન્ટ તરકે સૌથી આગળ છે. પાટીદારે તાજેતરમાં એક બિનસત્તાવાર ટેસ્ટમાં ઈંગ્લેન્ડ લાયન્સ સામે 151 રન બનાવ્યા હતા અને સરફરાઝે એ જ મેચની બીજી ઈનિંગમાં અડધી સદી ફટકારી હતી. ટેસ્ટમાં 7000 સહિત ફર્સ્ટ-ક્લાસ 20,000 રનના અનુભવને ધ્યાનમાં રાખીને અનુભવી ચેતેશ્વર પૂજારાને લાઇન-અપમાં સામેલ કરવાની ચર્ચા છે. જો કે, એ જોવું રસપ્રદ બની રહેશે કે અગરકર હેઠળની વર્તમાન પસંદગી સમિતિ પાછળ જોશે કે પછી આગળ વધવાની જ તૈયારી રાખશે. પ્રથમ ટેસ્ટ માટે બેટિંગ લાઇન અપમાં યશસ્વી જયસ્વાલ, રોહિત શર્મા, શુભમન ગિલ, કેએલ રાહુલ, શ્રેયસ અય્યર, રવિન્દ્ર જાડેજા અને કેએસ ભરતનો સમાવેશ થાય તે લગભગ નક્કી છે.

### વિરાટે વ્યક્તિગત કારણોસર હાલમાં જ એક ટી-20 છોડી હતી અને દક્ષિણ આફ્રિકા પ્રવાસેથી પણ પાછો ફર્યો હતો

વ્યક્તિગત કારણોસર તાજેતરમાં વિરાટ કોહલીએ અફઘાનિસ્તાન સામેની પ્રથમ ટી-20 ઇન્ટરનેશનલ મેચ છોડી દીધી હતી. તે પહેલાં, તેણે દક્ષિણ આફ્રિકાના ભારતના પ્રવાસ દરમિયાન, અંગત કારણોસર ફરી એક નાનો વિરામ લીધો હતો, જ્યાં તે ઈન્ટ્રા-સ્કવોડ પ્રેક્ટિસ ગેમ ચૂકી ગયો હતો અને દક્ષિણ આફ્રિકા પહોંચ્યાના થોડા જ દિવસોમાં લંડન ગયો હતો. છેલ્લી વખત જ્યારે તેણે વિરામ લીધો હતો, જે કોઈ ઈજા સાથે જોડાયેલો ન હતો, ટેસ્ટ સીરિઝ દરમિયાન 2021 માં જ્યારે તેની પુત્રી વામિકાનો જન્મ થયો ત્યારે તેને પેટરનીટી લીવ લીધી હતી.

# ઓસ્ટ્રેલિયન ઓપન : નોસ્કોવા, યાસ્ટ્રેમ્સ્કા, મેદવેદેવ અંતિમ આઠમાં

**લિન્ડા** નોસ્કોવા-ડાયના યાસ્ટ્રેમ્સ્કા વિરોધાભાસી રીતે તેમની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી

**મહિલા** સિંગલ્સમાં જાપાનની કિનવેન ઝેંગ અને એના કાલીન્કાયાએ પણ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો

**હ્યુબર્ટ** હર્કાઝ, કાર્લોસ અલ્કારેઝ અને એલેક્ઝાન્ડર ઝવેરેવે પણ અંતિમ 8માં પોતાનું નામ લખાવી દીધું



મેલબોર્ન, તા. 22 (એપી) : ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં દાનિલ મેદવેદેવે સોમવારે અહીં મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં એન્ટ્રી કરી હતી, જ્યારે મહિલા સિંગલ્સમાં ડાયના યાસ્ટ્રેમ્સ્કા અને લિન્ડા નોસ્કોવાએ પણ પોતપોતાની મેચ દરમિયાન વિરોધાભાષી રીતે આગેકૂચ કરીને પોતાની પહેલી ગ્રાન્ડ સ્લેમ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

મેદવેદેવે સોમવારે નુનો બોર્ગેસને 6-3, 7-6, 5-7, 6-1થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. અંતિમ આઠમાં તેનો મુકાબલો નવમા ક્રમના હુબર્ટ હુર્કાઝ સાથે થશે જેણે વાઈલ્ડ કાર્ડ હોલ્ડર ફ્રાન્સના આર્થર કેઝોને હરાવીને અંતિમ આઠમાં પોતાનું નામ લખાવ્યું હતું. બીજા ક્રમાંકિત કાર્લોસ અલ્કારેઝે મીઓમીર કેસ્માનોવિકને 6-4, 6-4, 6-0થી જ્યારે છઠ્ઠા ક્રમાંકિત એલેક્ઝાન્ડર ઝવેરેવે કેમરન નોરીને 7-5, 3-6, 6-3, 4-6, 7-6થી હરાવીને અંતિમ 8માં નામ લખાવ્યું હતું.

યાસ્ટ્રેમ્સ્કાએ મહિલા સિંગલ્સમાં બે વખતની ચેમ્પિયન વિક્ટોરિયા અઝારેન્કાને સીધા સેટમાં 7-6 6-4થી હરાવી હતી. જ્યારે એલિના સ્વિટોલિના નોસ્કોવા સામે 0-3થી પાછળ હતી ત્યારે પીઠની ઈજાને કારણે મેચમાંથી ખસી જતા નોસ્કોવા અંતિમ 8માં પ્રવેશી હતી. મહિલા સિંગલ્સમાં જાપાનની કિનવેન ઝેંગે ઓસીન ડોડિનને 6-0, 6-3થી, બિન ક્રમાંકિત એના કાલીન્કાયાએ જાસ્મીન પાઓલીનીને 6-4, 6-2થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. નોસ્કોવા-સ્વિતોલિના વચ્ચેની મેચની પ્રથમ ગેમ 11 મિનિટ ચાલી હતી. નોસ્કોવાએ સ્વિતોલીનાની સર્વને તોડી અને પછી તેની સર્વને બચાવીને સ્કોર 2-0 કર્યો. સ્વિતોલીનાએ સમય કાઢીને તેની પીઠની સારવાર કરાવી. જ્યારે મેચ શરૂ થઇ ત્યારે યુક્રેનની સ્વિતોલીનાની સર્વ સ્પીડ ઘણી ઓછી હતી અને તેને હલનચલનમાં પણ તકલીફ પડી રહી હતી. નોસ્કોવાએ આનો ફાયદો ઉઠાવ્યો અને ફરીથી સર્વિસ તોડી અને સ્વિતોલીનાએ મેચમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો.

### બોપન્ના-એબડેનની જોડી ઓસ્ટ્રેલિયન ઓપનની ક્વાર્ટર ફાઇનલમાં

મેલબોર્ન, તા. 22 (પીટીઆઇ) : ભારતના રોહન બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયાના પાર્ટનર મેથ્યુ એબ્ડેને સોમવારે અહીં નેધરલેન્ડના વેસ્લી કુલહોફ અને ક્રોએશિયાના નિકોલા મેક્ટિકની જોડીને સીધા સેટમાં હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની મેન્સ ડબલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા હતા. ભારત અને ઓસ્ટ્રેલિયાની બીજી ક્રમાંકિત જોડીએ કુલહોફ અને મેક્ટિક સામે 7-6 7-6થી જીત નોંધાવી હતી. બોપન્ના અને એબ્ડેનની જોડીએ બંને સેટની શરૂઆતમાં સર્વિસ ગુમાવી હતી પરંતુ 14મી ક્રમાંકિત જોડી સામે વાપસી કરીને મેચ જીતી હતી. બોપન્ના અને એબ્ડેન ક્વાર્ટર ફાઇનલમાં આર્જેન્ટિનાના મેક્સિમો ગોન્ઝાલેઝ અને એન્ડ્રેસ મોલ્ટેનીની છઠ્ઠી ક્રમાંકિત જોડી સામે ટકરાશે.

### ઇજાગ્રસ્ત સાલાહ આફ્રિકા કપમાંથી સારવાર માટે ઇંગ્લેન્ડ પરત ફરશે : લિવરપૂલ



આબિદજાન (આઇવરી કોસ્ટ), તા. 22 (એપી) : ઇજિપ્તનો સ્ટાર મહંમદ સલાહ આફ્રિકા કપ ઓફ નેશન્સ છોડીને ઓછામાં ઓછા અસ્થાયી રૂપે સ્નાયુની ઇજાની સારવાર માટે લિવરપૂલ પરત ફરી રહ્યો હોવાની પ્રીમિયર લીગ ક્લબે રવિવારે મોડી રાત્રે જાહેરાત કરી હતી. ગુરુવારે આફ્રિકા કપની ઘાના સાથે ઇજિપ્તની 2-2થી ડ્રો ગ્રૂપ મેચના પ્રથમ હાફ દરમિયાન પ્રભાવશાળી ફોરવર્ડ સાલાહને બહાર જવાની ફરજ પડી હતી અને તે તેની ક્લબ અને દેશ માટે ચિંતાનું કારણ બની હતી. સાલાહ હવે સોમવારના રોજ કેપ વર્ડે સામે ઇજિપ્તની અંતિમ ગ્રૂપ બીની મેચમાં હાજરી આપશે, લિવરપૂલે રવિવારે સાંજે ક્લબની સત્તાવાર વેબસાઇટ પર ઇજિપ્ટીયન એફએ નિવેદન પોસ્ટ કર્યું હતું.

### મોરોક્કો સામે મેચ પછી કોંગોનો કેપ્ટન ચાન્સેલ એમ્બેમ્બા ઓનલાઇન રંગભેદી શોષણનો ભોગ બન્યો



આબિદજાન (આઇવરી કોસ્ટ), તા. 22 (એપી) : કોંગોનો કેપ્ટન ચાન્સેલ એમ્બેમ્બાને આફ્રિકા કપ ઓફ નેશન્સમાં મોરોક્કો સામેની 1-1થી ડ્રો રહેલી મેચ પછી સોશિયલ મીડિયા પર જાતિવાદી દુર્વ્યવહારનો શિકાર બન્યો હતો. એમ્બેમ્બાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટને ઘણા યૂઝર્સ દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું જેમણે વાનર અથવા ગોરિલા ઇમોજીસ સાથે તેની નવીનતમ પોસ્ટ્સનો જવાબ આપ્યો હતો અથવા જાતિવાદી ટિપ્પણીઓ લખી હતી. 29 વર્ષીય એમ્બેમ્બા, બ્લેક છે અને ટોચની ફ્રેંચ ક્લબ માર્સેલી માટે રમે છે. એમ્બેમ્બાએ મેચ બાદ મોરોક્કોના કોચ વાલિદ રેગ્રાગુઇ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. તેના કારણે બંને ટીમોના ખેલાડીઓ અને અધિકારીઓ વચ્ચે ઝપાઝપી થઈ જે ચાલુ રહી કારણ કે તેઓ મેદાન છોડીને જતાં રહ્યા હતા.

### સ્પેનિશ લીગમાં છેલ્લા સ્થાનના અલ્મેરિયાને હરાવવા મેડ્રિડને 3 વીએઆરની જરૂર પડી



મેડ્રિડ, તા. 22 (એપી) : રવિવારે સ્પેનિશ લીગમાં છેલ્લા સ્થાને રહેલા અલ્મેરિયા સામે ઘરઆંગણે શરમજનક પરાજયનો આંચકો ટાળવા માટે રીઅલ મેડ્રિડને વીએઆરની મદદની જરૂર પડી હતી. મેડ્રિડને બીજા હાફમાં ત્રણ સાનુકૂળ વિડિયો રિવ્યુ મળ્યા હતા અને તે પછી 9 મિનિટના સ્ટોપેજ ટાઇમમાં વિજયી ગોલ કરીને આલ્મેરિયા સામે 3-2થી જીત મેળવી હતી. અલ્મેરિયા સામેની મેચના નાટકીય અંતમાં મળેલી જીતે મેડ્રિડને ગિરોના સામે બે પોઈન્ટ આગળ ખસ્યું હતું. બાર્સેલોનાએ રિયલ બેટિસ સામે 4-2થી જીત મેળવીને ત્રીજા સ્થાને પાછું ફર્યું હતું, સબસ્ટીટ્યૂટ ખેલાડી જોઆઓ ફેલિક્સે 90મી મિનિટમાં ડેડલોક તોડ્યું હતું અને ફેરન ટોરેસે સ્ટોપેજ ટાઇમમાં તેની હેટ્રિક પૂરી કરી હતી.

### બાયર્ન મ્યુનિક વેર્ડર બ્રેમેન સામે 1-0થી હારતા બુન્ડેસલિગા ટાઇટલ રેસમાં લપસી પડ્યું



મ્યુનિક, તા. 22 (એપી) : બાયર્ન મ્યુનિક પોતાના ઘરઆંગણે વેર્ડર બ્રેમેન સામે 1-0થી હાર્યા બાદ બુન્ડેસલીગા લીડર બેયર લીવરકુસેનને પકડી પાડવીની તેમની તકોને મોટો ફટકો પડ્યો હતો. બાયર્નના જ માજી ખેલાડી મિશેલ વેઈઝરે કરેલા એકમાત્ર ગોલને કારણે બ્રેમેને 2008 પછી બાયર્ન સામે તેની પ્રથમ જીત મેળવી હતી અને આ હારથી ડિફેન્ડિંગ ચેમ્પિયન લીવરકુસેનથી સાત પોઈન્ટ દૂર થયું હતું. બ્રેમેને પ્રથમ હાફમાં બાયર્નની વારંવાર કસોટી કરી હતી. અગાઉ લીવરકુસેન અને બાયર્ન બંને માટે રમેલા વેઈઝરે 59મી મિનિટમાં વ્યક્તિગત કૌશલ્ય સાથે બ્રેમેનને લીડ અપાવી હતી.

### પીઠાવાલા ટ્રોફીમાં ઉબન્ટુ ઇલેવને પોલીસ કમિશનર ટીમને 123 રને હરાવી



સુરત : ભીમપોર સ્થિત સીકે પીઠવાલા સ્ટેડિયમમાં આયોજીત 41મી પીઠાવાલા ટ્રોફીની એક મેચમાં ઉબન્ટુ ઇલેવને પોલીસ કમિશનર ઇલેવનને 123 રને હરાવી હતી. મેચમાં ટોસ જીતીને પ્રથમ દાવ લઇ ઉબન્ટુ ઇલેવને ચિરાગ ગાંધીની સદીની મદદથી 6 વિકેટે 265 રન બનાવ્યા હતા. પોલીસ કમિશનર ઇલેવન વતી રતન રબારીએ 3 વિકેટ ઉપાડી હતી. 266 રનના લક્ષ્યાંકને આંબવા મેદાને ઉતરેલી પોલીસ કમિશનર ઇલેવન ચિંતન પટનીની 55 રનની ઇનિંગ છતાં માત્ર 142 રનમાં ઓલઆઉટ થઇ હતી. ઉબન્ટુ ઇલેવન વતી લક્ષ્ય કોચરે 3 જ્યારે પ્રિયંક પટેલ અને જેનિલ ધોળકિયાએ 2-2 વિકેટ ઉપાડી હતી.

# સૂર્યકુમાર યાદવ ICC મેન્સ ટી-20 ટીમ ઓફ ધ યરનો કેપ્ટન જાહેર

ICC મેન્સ ટી-20 ઇન્ટરનેશનલ ટીમ ઓફ ધ યરમાં યશસ્વી જયસ્વાલ, રવિ બિશ્નોઇ અને અર્શદીપ સિંહનો પણ સમાવેશ

ICC મહિલા ટી-20 ઇન્ટરનેશનલ ટીમ ઓફ ધ યરમાં ભારતની એકમાત્ર દીપ્તિ શર્મા સ્થાન મેળવી શકી



દુબઈ, તા. 22 : ભારતના બેટ્સમેન સૂર્યકુમાર યાદવને આઈસીસી મેન્સ ટી-20 ઈન્ટરનેશનલ ટીમ ઓફ ધ યરના કેપ્ટન તરીકે પસંદ કરવામાં આવ્યો છે, તેની સાથે જ ભારતના ઓપનર યશસ્વી જયસ્વાલ, સ્પીનર રવિ બિશ્નોઈ અને ડાબોડી ઝડપી બોલર અર્શદીપ સિંહના રૂપમાં વધુ ત્રણ ભારતીય ખેલાડીઓની આ ટીમમાં પસંદગી કરવામાં આવી છે.

આઈસીસી ટીમ ઑફ ધ યરમાં 11 ટોચના પર્ફોર્મર્સનો સમાવેશ થાય કરાયો છે. સૂર્યકુમારને આઇસીસી ટી-20 ઈન્ટરનેશનલ મેલ પ્લેયર ઓફ ધ યર એવોર્ડ માટેની રેસમાં પણ સામેલ છે. રોહિત શર્માએ વર્ષના અંતમાં બ્રેક લેવાના કારણે સૂર્યકુમારને પણ ભારતીય ટીમનું નેતૃત્વ કરવાની તક મળી હતી. 11 સભ્યોની ટીમમાં જયસ્વાલના ઓપનિંગ પાર્ટનર તરીકે ઈંગ્લેન્ડના ફિલ સોલ્ટની પસંદગી કરવામાં આવી છે. વેસ્ટ ઈન્ડિઝનો નિકોલસ પૂરન ટીમનો વિકેટકીપર છે. ન્યૂઝીલેન્ડના માર્ક ચેપમેન, ઝિમ્બાબ્વેના સિકંદર રઝા, યુગાન્ડાના અલ્પેશ રામજાની, આયર્લેન્ડના માર્ક અડાયર અને ઝિમ્બાબ્વેના રિચર્ડ નગારવાને પણ ટીમમાં સ્થાન મળ્યું છે. મહિલાઓમાં, દીપ્તિ શર્મા 11 સભ્યોની ટીમમાં સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય છે. ટીમનું નેતૃત્વ શ્રીલંકાના ચમરી અટાપટ્ટુને સોંપાયું છે. મહિલા ટીમમાં ઓસ્ટ્રેલિયાની ચાર ખેલાડી બેથ મૂની (વિકેટકીપર), એલિસ પેરી, એશ ગાર્ડનર અને મેગન શટ, ઈંગ્લેન્ડની બે ખેલાડી નેટ સ્વિકર બ્રન્ટ અને સોફી એક્લેસ્ટોન સામેલ છે. દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ડ, વેસ્ટ ઈન્ડિઝની હેલી મેથ્યુસ અને ન્યુઝીલેન્ડની એમેલિયા કેરનો પણ સમાવેશ કરાયો છે.

## વિઝાની સમસ્યાને કારણે ઇંગ્લેન્ડનો યુવા સ્પીનર બશીર હજુ ટીમ સાથે ભારતમાં જોડાયો નથી

**અબુ** ધાબીમાં ઈંગ્લેન્ડનો ટ્રેનિંગ કેમ્પ પૂરો થયા બાદ શોએબ બશીરે યોગ્ય પેપરવર્કના અભાવે ત્યાં જ રોકાવું પડ્યું

હૈદરાબાદ, તા. 22 (પીટીઆઇ) : ઈંગ્લેન્ડના યુવા સ્પીનર શોએબ બશીરને ગુરુવારથી શરૂ થઈ રહેલી ભારત સામેની પાંચ મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટ પહેલા પેપર વર્કમાં વિલંબને કારણે, યુએઈમાં રહેવાની ફરજ પડી છે. 20 વર્ષીય બશીર ટેસ્ટમાં પદાર્પણ કરવાની રાહ જોઈ રહ્યો છે. તેના માતા-પિતા પાકિસ્તાની મૂળના છે. અબુ ધાબીમાં ઈંગ્લેન્ડનો ટ્રેનિંગ કેમ્પ પૂરો થયા બાદ તેને ત્યાં જ રોકાવું પડ્યું છે.

અહેવાલો અનુસાર, તાજેતરમાં જ ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી)માં ક્રિકેટ ઓપરેશન્સના મેનેજિંગ ડિરેક્ટર તરીકે જોડાયેલા સ્ટુઅર્ટ હૂપર બશીર સાથે છે. દરમિયાન, ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમના મુખ્ય કોચ બ્રેન્ડન મેક્કુલમે માહિતી આપી છે કે ઈસીબીએ આ મુદ્દો બીસીસીઆઈ અને ભારત સરકારના સંબંધિત અધિકારીઓ સાથે ઉઠાવ્યો છે અને 24 કલાકની અંદર આ મુદ્દો ઉકેલાઈ જવાની અપેક્ષા છે.

આ વિલંબને કારણે બશીર લગભગ બે દિવસ પ્રેક્ટિસ કરી શકશે નહીં પરંતુ મેક્કુલમે ખાતરી આપી હતી કે સમરસેટનો ખેલાડી પ્રથમ ટેસ્ટમાં પસંદગીની રેસમાં રહેશે. મેક્કુલમે કહ્યું હતું કે આશા છે કે બશીર આવતીકાલે અમારી સાથે જોડાશે. તેના વિઝામાં કેટલીક સમસ્યાઓ છે.

## AFC એશિયન કપ ફૂટબોલમાં ભારત સામે સીરિયાને હરાવવાનો પડકાર

અલ ખોર (કતાર), તા. 22 (પીટીઆઇ) : એએફસી એશિયન કપ ફૂટબોલના ગ્રૂપ સ્ટેજમાં પ્રથમ બે મેચમાં હારનો સામનો કર્યા પછી, ભારતીય ટીમ આવતીકાલે મંગળવારે જ્યારે અહીં સીરિયા સામે મેદાનમાં ઉતરશે, ત્યારે તેની નજર ટુર્નામેન્ટનો નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશવાની તેની ધૂંધળી આશા જીવંત રાખવા માટે આ મેચ જીતવા પર રહેશે. ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા અને ઉઝબેકિસ્તાન સામે અનુક્રમે 0-2 અને 0-3થી હારનો સામનો કરીને ઉપખંડની ટોચની ટીમો સાથે સ્પર્ધા કરવામાં નિષ્ફળ રહી છે. સીરિયા હાલમાં FIFA રેન્કિંગમાં 91મા ક્રમે છે, જે ભારતથી 11 સ્થાન ઉપર છે. જો કે, કોચ ઈગોર સ્ટિમેકની ટીમ માટે જીત અસંભવ નથી કારણ કે તેઓ ભૂતકાળમાં નહેરૂ કપ ટૂર્નામેન્ટમાં 2007, 2009 અને 2012માં સીરિયા પર જીત મેળવી ચૂક્યા છે.

# BCCI એવોર્ડમાં આજે શુભમન ગીલ અને રવિ શાસ્ત્રીને સન્માનિત કરાશે

**રવિ** શાસ્ત્રીને લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ જ્યારે ગીલને ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ અપાશે

હૈદરાબાદ, તા. 22 (પીટીઆઇ) : માજી ભારતીય ઓલરાઉન્ડર અને મુખ્ય કોચ રવિ શાસ્ત્રીને આવતીકાલે મંગળવારે અહીં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) દ્વારા 'લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવશે. તેની સાથે જ ઓપનર શુભમન ગિલને છેલ્લા 12 મહિનામાં શાનદાર પ્રદર્શન માટે ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવશે. આ 12 મહિના દરમિયાન, તે વન ડેમાં સૌથી ઝડપી બે હજાર રન બનાવનાર અને આ ફોર્મેટમાં પાંચ સદી ફટકારનાર ખેલાડી બન્યો હતો. બીસીસીઆઈના અધિકારીએ જણાવ્યું હતું કે, શાસ્ત્રીને લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યો છે જ્યારે ગિલને વર્ષનો શ્રેષ્ઠ ક્રિકેટરનો એવોર્ડ આપવામાં આવશે. બીસીસીઆઇ એવોર્ડ્સ 2019 પછી પ્રથમ વખત આપવામાં આવી રહ્યા છે અને ગુરુવારથી અહીં શરૂ થનારી પ્રથમ ટેસ્ટ પહેલા સમારોહમાં ભારત અને ઈંગ્લેન્ડ બંને ટીમોના ખેલાડીઓ હાજર રહે તેવી અપેક્ષા છે. 61 વર્ષીય શાસ્ત્રીએ 80 ટેસ્ટ અને 150 વનડેમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. નિવૃત્તિ પછી, તેણે કોમેન્ટેટર તરીકે પોતાની ઓળખ બનાવી છે. શાસ્ત્રી બે વખત રાષ્ટ્રીય ટીમનો કોચ રહ્યો હતો. તે 2014 થી 2016 સુધી ટીમ ડાયરેક્ટર તરીકે રાષ્ટ્રીય ટીમમાં જોડાયો અને પછી 2017 થી 2021 માં ટી-20 વર્લ્ડકપ સુધી વિરાટ કોહલીની કપ્તાની હેઠળ મુખ્ય કોચની ભૂમિકા નિભાવી હતી.

## ઇન્ડોનેશિયા માસ્ટર્સ : ભારતીય પડકારનું નેતૃત્વ પ્રણોય કરશે

જકાર્તા, તા. 22 (પીટીઆઈ) : આવતીકાલે મંગળવારથી અહીં શરૂ થનારી ઈન્ડોનેશિયા માસ્ટર્સ સુપર 500 બેડમિન્ટન ટુર્નામેન્ટમાંથી વિશ્વની નંબર બે મેન્સ ડબલ્સ જોડી સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી ટૂર્નામેન્ટમાંથી ખસી ગઈ હોવાથી ભારતીય પડકારનું નેતૃત્વ સ્ટાર સિંગલ્સ ખેલાડી એચએસ પ્રણોય સંભાળશે. પ્રણોય પુરૂષ સિંગલ્સના ડ્રોમાં એકમાત્ર ક્રમાંકિત ભારતીય ખેલાડી છે, જે 32 ખેલાડીઓના ડ્રોમાં સાતમા ક્રમે છે. તે તેના અભિયાનની શરૂઆત સિંગાપોરના લોહ કીન યીયુ સામે કરશે.

## ભારતીય ડેવિસ કપ ટીમે પાકિસ્તાન સામેની મેચની તૈયારીઓ શરૂ કરી

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઇ) : અહીં કડકડતી ઠંડીમાં આયોજિત શિબિરમાં ભારતીય ડેવિસ કપ ટીમે ગ્રાસ કોર્ટ પર રમાનારી પાકિસ્તાન સામેની ડેવિસ કપ મેચની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ તૈયારી કેમ્પમાં ટીમનું ધ્યાન પ્રેક્ટિસ પર રહેવાની સાથે જ ટોચના ક્રમાંકિત સુમિત નાગલની ગેરહાજરીમાં બીજી સિંગલ્સ મેચ કોણ રમશે તે નક્કી કરવા પર રહેશે.

દેશના ટોચના સિંગલ્સ ખેલાડીઓ સુમિત નાગલ અને શશિ કુમાર મુકુંદે ઈસ્લામાબાદમાં 3 અને 4 ફેબ્રુઆરીએ યોજાનારી મેચમાંથી પોતાના નામ પાછા ખેંચી લીધા હતા. તેની ગેરહાજરીનો અર્થ છે કે રામકુમાર રામનાથન ટીમમાં એકમાત્ર સિંગલ્સ સ્પેશિયાલિસ્ટ ખેલાડી છે. કેપ્ટન રોહિત રાજપાલે બીજી સિંગલ્સ રમવા માટે યુકી ભામ્બરી અને એન શ્રીરામ બાલાજીમાંથી કોઇ એકની પસંદગી કરવી પડશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ૫૦ વાજિંત્રો...

છત્તીસગઢના તંબુરાનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત દિલ્હીથી લવાયેલ શેહનાઈ, રાજસ્થાનના રાવણહથ્થા, પશ્ચિમ બંગાળના શ્રીખોલ અને સરોદ, આંધ્રપ્રદેશના ઘંટમ, ઝારખંડના સિતાર, ગુજરાતના સંતાર,બિહારના પખવાજ, ઉત્તરાખંડના હુડકા તથા તમિલનાડુના નાદસ્વરમ, તવિલ અને મૃદંગમનો પણ સમાવેશ થતો હતો.

મંગલ ધ્વનિના વાદન પહેલા સોનુ નિગમ, અનુરાધા પૌડવાલ દ્વારા મ્યુઝિકલ પર્ફોમન્સ આપવામાં આવ્યું હતું અને તથા શંકર મહાદેવન દ્વારા ભગવાન રામને સમર્પિત એક ગીત ગાવામાં આવ્યું હતું.

### દેશભરમાં દીપોત્સવ...

નિવાસસ્થાને દીવાઓ પ્રગટાવ્યા હતા.

મોદીએ તેમના અધિકૃત 7, લોક કલ્યાણ માર્ગ નિવાસસ્થાન પર અયોધ્યા મંદિરમાંથી રામ પ્રતિમાના ફોટોગ્રાફની સામે 'દિયા' પ્રગટાવતાં તસવીરો શેર કરવા એક્સ પર લઈ ગયા હતા.

વડા પ્રધાને ભક્તોને ઘરે 'રામ જ્યોતિ' પ્રગટાવવા અને પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને ચિહ્નિત કરવા 'મિની દિવાળી' ઉજવવા વિનંતી કરી હતી.

સંરક્ષણ પ્રધાને તેમના નિવાસસ્થાન પર 'રામ જ્યોતિ' પ્રગટાવતાં એક્સ પરના ફોટોગ્રાફ્સ પણ શેર કર્યા હતા.

સિંહે એક્સ પર લખ્યું હતું કે, ''આજે રામ લલ્લા અયોધ્યા ધામમાં તેમના નવા, દિવ્ય અને ભવ્ય મંદિરમાં બિરાજમાન થયા છે. આખો દેશ દિવાળીની ઉજવણી કરી રહ્યો છે. આ શુભ અવસર પર પરિવાર સાથે ઘરે 'રામ જ્યોતિ' પ્રગટાવો.''

અયોધ્યામાં રામ મંદિરમાં ભગવાન રામલલાના અભિષેકને લઈને યુપીમાં ઉત્સાહનો માહોલ છે. મંદિરો અને ઘરોમાં રોશની કરવામાં આવી છે. દીવા પ્રગટાવવામાં આવી રહ્યા છે. અયોધ્યાના 8000 નાના-મોટા મંદિરોમાં 10,000થી વધુ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. રામનગરીની ગલીઓમાં રામ પહરી સહિત 5 લાખ દીવા પ્રગટાવવામાં આવ્યા છે.

આગ્રામાં દહગાહની બહાર દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. કાશી-મથુરામાં પણ ઉજવણી કરવામાં આવી રહી છે. લોકો ફટાકડા ફોડી રહ્યા છે. સવારથી સાંજ સુધી મંદિરોમાં દર્શન માટે ભીડ જામી હતી. દરેક મંદિર જય શ્રીરામના નાદથી ગુંજી ઉઠ્યું. રાજ્યમાં દિવસભર ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

### મોદીએ સૂર્યોદય...

એ છે કે અમારી સરકાર 1 કરોડ ઘરોમાં રૂફટોપ સોલર લગાવવાના લક્ષ્ય સાથે "પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના" શરૂ કરશે. આનાથી માત્ર ગરીબ અને મધ્યમ વર્ગના વીજળીના બિલમાં ઘટાડો થશે નહીં, પરંતુ ભારતને ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભર પણ બનાવશે.

### અયોધ્યામાં રામ...

થઇ તે સમયે મંદિરના ગર્ભગૃહમાં મોદીએ અનેક ધાર્મિક વિધિઓ કરી હતી અને અંતમાં વડાપ્રધાને બાળ રામની આ ૫૧ ઇંચની મૂર્તિ સમક્ષ ભોંય પર સૂઈને દંડવત પ્રણામ કર્યા હતા. પ્રાણ પ્રતિષ્ઠાનો આ સમારંભ ઉત્તર પ્રદેશના ગવર્નર આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને આરએસએસના વડા મોહન ભાગવતની હાજરીમાં થયો હતો.

પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ પુરો થયા બાદ ગર્ભગૃહમાંથી બહાર નિકળીને વડાપ્રધાન મોદી મંદિર પરિસરના એક અન્ય સ્થળે ગયા હતા જ્યાં સાધુઓ, રામ જન્મભૂમિ ચળવળ સાથે સંકળાયેલા લોકો અને મનોરંજન, રમતગમત તથા ઉદ્યોગ જેવા ક્ષેત્રો સાથે સંકળાયેલા લોકો સહિત ૮૦૦૦ જેટલા આમંત્રિતો હાજર હતા.

મોદીએ આ લોકોને સંબોધન કર્યું હતું. પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ થતા પહેલા મંગલ ધ્વનિનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં દેશભરના ૫૦ વિવિધ પ્રકારના વાજીંત્રોનું વાદન કરાયું હતું. પ્રાણ પ્રતિષ્ઠાના પહેલા જ અયોધ્યાની શેરીઓમાં વહેલી સવારથી રામ ધૂન શરૂ થઇ ગઇ હતી અને સુરક્ષા કર્મચારીઓ બાજ નજર રાખી રહ્યા હતા. દેશભરના વિવિધ વિસ્તારોમાં પણ ઉજવણીનો માહોલ હતો.

### મોદીને રૂપેરી છત્તર ઓઢાડીને મંદિરમાં લઇ જવામાં આવ્યા

પ્રાણ પ્રતિષ્ઠાની વિધિના સમયે વડાપ્રધાન મોદી મંદિરમાં આવ્યા ત્યારે તેમને રૂપેરી રંગનું છત્તર( મોટી છત્રી) ઓઢાડીને લાવવામાં આવ્યા હતા, જે છત્તર પર લાલ રંગનો વાળેલો દુપટ્ટો હતો.

વડાપ્રધાન મોદી સોનેરી કૂર્તા અને ક્રીમ કલરની ધોતી તથા પટકામાં સજ્જ હતા. તેમણે સમારંભ માટે સંકલ્પ લીધો હતો અને બાદમાં વિધિઓ માટે ગર્ભગૃહમાં ગયા હતા.

### હિમાચલ પ્રદેશના કોંગ્રેસી મંત્રી હાજર રહ્યા

કોંગ્રેસ સહિતના અનેક વિપક્ષોના ટોચના નેતાઓએ પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમને આરએસએસ અને ભાજપનો કાર્યક્રમ ગણાવીને તેમાં હાજરી આપી ન હતી. પરંતુ હિમાચલ પ્રદેશની કોંગ્રેસ સરકારના એક પ્રધાન વિક્રમાદિત્ય સિંહ સમારંભ સ્થળે હાજર રહ્યા હતા, જેઓ રાજ્ય કોંગ્રેસના પ્રમુખ પ્રતિભા સિંહના પુત્ર છે.

### અયોધ્યામાં કડક સુરક્ષા વ્યવસ્થા હતી

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યક્રમ માટે અયોધ્યામાં દિવસોથી કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. સ્થાનિક પોલીસ ઉપરાંત રાજ્યનું અનામત પોલીસ દળ પ્રોવિન્શ્યલ આર્મ્ડ કોન્સ્ટેબ્યુલરી( પીએસી) તથા કેન્દ્રીય દળ સીઆરપીએફ મળીને અનેક સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

એનએસજીના સ્નાઇપર કમાન્ડોઝ પણ હાજર હતા. બખ્તરિયા વાહનો સાથે કમાન્ડોઝની હાજરી શહેરમાં જોવામાં આવતી હતી.